+ ZOOM ✕

ભરૂચ-નર્મદા સંદેશ

સોમવાર, તા.૨૩-૦૨-૨૦૨૬ | ભરૂચ | અંકલેશ્વર | જંબુસર | નેત્રંગ | વાલિયા | ઝઘડિયા | આમોદ | પાલેજ | વાગરા | હાંસોટ | રાજપીપળા | દેડિયાપાડા | સાગબારા | તિલકવાડા | પાન નં. ૦૭

ભરૂચ અને વડોદરા ખાણ-ખનિજ વિભાગની કાર્યવાહી

નર્મદા નદીમાં ચાલતું કરોડોનું ગેરકાયદે રેતી ખનન ઝડપાયું

૩૨ બાર્જ અને ૫ નાવડીઓ મળીને રૂ. ૩.૨૦ કરોડનો મુદ્દામાલ સીઝ

। ભરૂચ ।

ભરૂચ અને વડોદરા જિલ્લામાં નર્મદા નદીમાં ખુલ્લેઆમ ચાલતા રેતી ખનની પ્રવૃત્તિઓ ડામવા માટે ભરૂચ અને વડોદરાના ખાણ ખનિજ વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને બન્ને જિલ્લામાંથી કરોડો રૂપિયાનું રેતી ખનન ઝડપી પાડ્યુ છે.

નર્મદા નદીમાં નાવડી થકી થતું રેતી ખનન

નર્મદા નદીના પટ્ટમાં બાર્જ દ્વારા થતા સાદી રેતીના બિનઅધિકૃત ખનન સામે તંત્રએ લાલ આંખ કરી છે. મળેલી ફરિયાદોના આધારે, ભરૂચ અને વડોદરા જિલ્લાના ભૂસ્તરશાસ્ત્રીઓની તપાસ ટીમોએ સતત ત્રણ દિવસ તા. ૧૮ ફેબ્રુઆરી થી તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ (સતત ત્રણ દિવસ). સુધી ભરૂચ જિલ્લાના ટોર્સિંદરા ગામ તથા વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ઓઝ અને પોર ગામના નર્મદા નદીપટ્ટ વિસ્તારમાં સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગેરકાયદે ખનન કરતા માફિયાઓ પર સપાટો બોલાવ્યો છે. ભૂસ્તરશાસ્ત્રીશ્રી, ભરૂચ અને ભૂસ્તરશાસ્ત્રીશ્રી, વડોદરાની તપાસ ટીમો દ્વારા આકસ્મિક દરોડા પાડવામાં આવ્યા હતા.તંત્ર દ્વારા મોટી સંખ્યામાં મશીનરી અને સાધનો સીઝ કરવામાં આવ્યા છે. ભરૂચ જીલ્લામાં સાદી રેતી ખનિજના બિનઅધિકૃત ખનન કરવા ૦૫ બાર્જ અને ૦૫ યાંત્રિક નાવડીઓ પકડી સીઝ કરવામાં આવી જ્યારે વડોદરા જીલ્લામાં કુલ ૨૭ બાર્જ પકડી સીઝ કરવામાં આવેલ.

આ સંયુક્ત તપાસ દરમિયાન અંદાજિત રૂ. ૩.૨૦ કરોડનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. હાલમાં તમામ સાધનો કબજે કરી, જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી અને દંડકીય રકમની વસૂલાત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ભૂસ્તરશાસ્ત્રી વિભાગની આ કડક કાર્યવાહીથી નદીપટ્ટમાં ગેરકાયદે ખનન કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

અંકલેશ્વરના અંદાડા ગામે

તળાવ અને ગાર્ડનનું રૂા.૪.૬૩ કરોડના ખર્ચે રિડેવલપમેન્ટ

અંકલેશ્વર : અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામ ખાતે રૂપિયા ૪.૬૩ કરોડના ખર્ચે તળાવનું રીડેવલોપમેન્ટ તેમજ નવા ગાર્ડનનું નિર્માણ કરવામાં આવશે આ કાર્યનું ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ભરૂચના લીક રોડ પર આવેલ માતરીયા તળાવની જેમ અંદાડા ગામ ખાતે તળાવનો વિકાસ કરવામાં આવશે જ્યાં તળાવની ફરતે પ્રોટેકશન વોલ, વોકિંગ ટ્રેક અને ગજીબો સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે આ સાથે જ અંદાડા, નવાગામ કરારવેલ, મોટાલી અને કાંસીયા ગામ પંચાયતને ઘનકચરાના નિકાલ માટે ટ્રેકટરની ફાળવણી કરાઇ છે. આ પ્રસંગે અધિક કલેકટર પાર્થ જયસ્વાલ, જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેન કિરીટ માસ્ટર,તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પા પટેલ, અંદાડા ગામ પંચાયતના સરપંચ નીરૂબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ફૂલવાડી ગામની મહિલાની લાશ કેનાલમાંથી મળી

રાજપીપળા : ગરૂડેશ્વર તાલુકાના ફુલવાડી ગામની મહિલાની લાશ નર્મદા મેઈન કેનાલમાં સોનગામના પુલ પાસેથી મળી આવી હતી.

લતાબેન વિપીન જેન્તી તડવી ઉં.વ.આ.૩૭ રહે. ફુલવાડી તા.ગરૂડેશ્વર જી.નર્મદા તા.૨૧ ફેબ્રુઆરી ના રોજ સવારના ઘરેથી કોઈ કહ્યા વગર ક્યાંક જતાં રહેલા હતા, તેની લાશ નર્મદા મેઈન કેનાલ, સોનગામના પુલ પાસે પાણીમાંથી મળી આવી હતી. ગરૂડેશ્વર પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

નર્મદા ડેમ માટે જમીન-મકાન આપનાર

આદિવાસીઓને બજેટમાં સિંચાઇ સુવિધાથી વંચિત રખાયાની ફરિયાદ

સિંચાઈની સુવિધા વિકસાવવા સાંસદે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

। દેડિયાપાડા ।

સાંસદ મનસુખભાઈ વસાવાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને રજૂઆત કરી છે.ગુજરાતના બજેટમાં તમામ ક્ષેત્રોને આવરી લેવાયા, પરંતું દેડિયાપાડા, સાગબારા, નેત્રંગ, વાલીયા, ઝગડીયા તાલુકાઓને સિંચાઈથી વંચીત રાખવામાં આવ્યા છે. આ વિસ્તારની વર્ષો જુની માગ છે. આ બજેટમાં પણ તેને વંચીત રખવામાં આવતા લોકોમાં રોષ ફેલાયો છે.

પત્રમાં ઉલ્લેખ કરાયો છે કે ગુજરાત બજેટમાં રાજ્યના વિસ્તારનો સર્વાંગી વિકાસ થવાનો છે. આદિવાસી વિસ્તારોને પણ ખુબજ મહત્વ આપવામાં આવ્યું છે. સિંચાઈક્ષેત્રે પણ સરકારે દાહોદ, છોટાઉદેપુર જેવા વિસ્તારોને આવરી લીધા છે. દેવમોગરા માતાજીના ધામના વિકાસ માટે પણ કરોડો રૂા. બજેટમાં જોગવાઈ કરી છે.

પરંતુ દેડિયાપાડાના ગંગાપુર ડેમની માંગણી કરી હતી. છેલ્લા ૧૫ વર્ષથી ગંગાપુર ડેમ બનાવવાની માંગણી દેડીયાપાડા તથા ચીકદા તાલુકાના ખેડુતો કરતા આવ્યા છે. આ ઉપરાંત ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકા, વાલિયા તાલુકાને કરજણ આધારીત વિશાલખાડી પ્રોજેક્ટ સિંચાઈ પ્રોજેક્ટ થી નહેરો મારફત્ત ખેતર સુધી પાણી પહોંચે તેવી બજેટ પહેલા સરકારમાં રજુઆત કરી હતી.

નર્મદા ડેમનું પાણી લીફ્ટ કરી કરજણ ડેમમાં નાખી, ગંગાપુર ડેમમાં નાંખવામાં આવે તો દેડીયાપાડા, નેત્રંગ, વાલીયા, ઝગડીયા તાલુકાઓમાં બારેમાસ સિંચાઈની સુવિધા મળે.

સિંચાઈની સુવિધા મળતાં પશુપાલનક્ષેત્ર, ડેરી ઉદ્યોગને પણ લાભ થાય તે મુજબની માંગણી કરી હતી.

પરંતું આ વિસ્તારને બાકાત રાખવામાં આવતાં પ્રજાજનોને ભારે દુ:ખી છે. દેડિયાપાડા, ચીકદા તાલુકામાં નર્મદા અને કરજણડેમના અસરગ્રસ્તો પુન:વસવાટથી રહે છે. જેમના બાપ-દાદાઓની કિંમતી જમીનો અને ઘરો ડેમના નિર્માણ માટે ભોગ આપેલ છે. તેવા આદિવાસીઓ સિંચાઈથી વંચિત છે. માટે આ વિસ્તારમાં સુવિધા વધારવાની માગ છે.

૧૯૭૮થી ભરોસાપાત્ર
INDOCEM Paints
એકેલીક પેઈન્ટ ● પ્રાઈમર
વોલ મેજીક પુટ્ટી ● પોટરપ્રુફીંગ કંપાઉન્ડ
ઓઈલ પેઈન્ટ ● ડિસ્ટેમ્પર
શીપ બ્રાન્ડ પેવર બ્લોક કલર
સુપર સ્ટોકીસ્ટ નીમવાના છે
સુરત, ભરૂચ, નવસારી, વલસાડ,વાપી તથા દક્ષિણ ગુજરાતના દરેક તાલુકાઓ માટે
સંપર્ક: 99989 73656

સ્થાનિક કલા-કારીગરોને પ્રોત્સાહન આપવા માટે

હર ઘરે સ્વદેશી : ભરૂચ ખાતે સ્વદેશી મેળાનો પ્રારંભ થયો

ધારાસભ્યએ ઉદ્ઘાટન કર્યુ, તા. ૧ માર્ચ સુધી મેળો ચાલશે

। ભરૂચ ।

ગુજરાત સરકારના હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી અભિયાન અને વોકલ ફોર લોકલ જેવા વિઝન સાથે ભરૂચ નગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનો તથા કુશળ કારીગરોને પ્રોત્સાહન આપવા માટે તેમજ સ્થાનિક ઉદ્યોગોને સમૃદ્ધિ આપવાના હેતુથી ભરૂચ નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભરૂચ ખાતે આયોજિત સ્વદેશી મેળાનું દ્રશ્ય નજરે પડે છે.

આ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે ઉદ્ઘાટન બાદ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને કારીગરો દ્વારા તૈયાર કરાયેલ વિવિધ ચીજવસ્તુઓ નિહાળી હતી અને નગરજનોને આ મેળામાં ઉપસ્થિત રહેવા અને કુશળ કારીગરોને પ્રોત્સાહિત કરવા તેમજ વધુમાં વધુ મહિલાઓ અને મુલાકાતીઓ આ મેળાનો લાભ લે તે માટે અનુરોધ કર્યો હતો.

તા. ૨૧ થી ૧ માર્ચ ૨૦૨૬ સુધી આ મેળામાં વોકલ ફોર લોકલના સૂત્રને સાકાર કરતી વિવિધ ચીજવસ્તુઓ જેવી કે હાથશાળ, હસ્તકલા, માટીકામ, મોતીકામ, ચર્મકામ, વાંસકામ, પટોળા, બાંધણી, કચ્છી ભરતકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, પેચવર્ક, ટાંગલીયા, મશરૂ, કલમકારી, કાષ્ઠકલા અને ટેરાકોટા જેવી વસ્તુઓનું સીધું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખ વિભૂતીબા યાદવ, નગર પાલીકાના વિવિધ અગ્રણી પ્રતિનિધીઓ, નગરપાલીકા મુખ્ય અધિકારીશ્રી તેમજ નગરપાલિકાના કર્મચારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વરમાં પેટ્રોલ પંપ પર ધાડના ગુનામાં

૩૦ વર્ષથી ફરાર આરોપી દાહોદથી ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર ખાતે પેટ્રોલપંપ ધાડના ગુનામાં છેલ્લા ૩૦ વર્ષથી ફરાર આરોપીની ભરૂચ કાઈમ બ્રાન્ચે દાહોદથી ધરપકડ કરી છે.ભરૂચ કાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે ૩૦ ડીસેમ્બર ૧૯૯૫ વહેલી સવારે ત્રણેક વાગે અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર- ૪૮ ઉપર આવેલ સારંગ પેટ્રોલપંપ પર ધાડનો બનાવ બનેલ જેમાં ૨૦ થી ૨૫ અજાણ્યા આરોપીઓએ કીકીયારીઓ કરી પથ્થરમારો કરી પંપની ઓફીસમાં તોડફોડ કરી કાઉન્ટરમાંથી ડીઝલ/ પેટ્રોલ વેચાણના રોકડ રૂપીયા.૪૦,૦૦૦/- તથા ઘડીયાળ નંગ-૨ મળી કુલ રૂપીયા.૪૫,૦૦૦/- જેટલાની ધાડ કરી ત્યાં ઉપસ્થિત લોકોને ઈજા પહોંચાડી નાશી ગયા હતા.આ પેટ્રોલપંપ ધાડના ગુનામાં છેલ્લા ૩૦ વર્ષથી નાસતો ફરતો આરોપી સબુર ડામોર દાહોદના ચાકલીયા ગામેથી પોલીસે ઝડપી પાડ્યો હતો.

ટાઈટલ ક્લિયરન્સ અંગેની જાહેર નોટિસ

ભરૂચ ડીસ્ટ્રીકટ, ભરૂચ સબ-ડીસ્ટ્રીકટના મોજે ચાવજના રે.સ.નં. ૧૮૮, ૧૮૯ કે જે ટંગ સોટીના નામે ઓળખાય છે જેમાં આવેલ પ્લોટ નં. ૧૦, જેનું ક્ષેત્રફળ ૬૮.૦૫ ચો.મી. તથા તેની પર કરવામાં આવેલ પડ.૫૧ ચો.મી. કાર્પેટ અરિયા જેના બિલ્ટ-અપ એરિયા મુજબ ૬૧.૦૬ ચો.મી., તથા વધારે ક્ષેત્રફળ ૫૦.૮૮ ચો.મી.વાળી મિલકતના માલિક તરીકે, ૧. વિરાગ એસ. વાઘેલા તથા ૨. સુનીતા સી. વાઘેલા વાળી આવેલ છે. જે મિલકત બેન્ક ઓફ બરોડા, લીંક રોડ, ભરૂચ દ્વારા ધિરાણ આપવામાં આવેલ છે જેની સદર મિલકતનો અસલ રજી. બનાનામા નં. ૬૨૮૪, તા. ૦૩/૧૦/૨૦૧૩ તથા તેની અસલ રજી. પધતી અને અસલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૦૨૫, તા. ૧૬/૦૩/૨૦૧૮ તથા તેની અસલ રજી. પધતી અમારી શાખામાં જમા કરાવવામાં આવેલ. જે તમામ અસલ દસ્તાવેજો બેન્ક ઓફ બરોડાની લીંક રોડ શાખાનાંની ક્લોક ગેરવાલે યાને ગુમ થયેલ છે જે ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી કે મળી આવવાની શક્યતા જણાતી નથી. સદર મિલકતમાં બેન્ક, સંસ્થા, વ્યક્તિ યા કોઈની કોઈપણ જાતનો ઠક્ક, હિત હિસ્સો, બોજો દાવો, સાટાખત/બાનાખત હોય તેમણે દિન-૭માં અમોને લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળવું. મુદત વીત્યેથી કોઈના કોઈપણ જાતના ઠક્કો નથી યા છોડી દેવામાં આવેલ છે યાને લેવ કરેલ છે તેમ માની ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર, વાંધા-વિરોધ ધ્યાનમાં લેવામાં આવશે નહિ જેની તમામ લાગતા વળગતાએ નોંધ લેવી.

સંજય જે. ઠક્કર (એડવોકેટ)
ઓફિસ : ૨૦૧, આર. કે. સ્કવેર, ઓમકારનાથ હોલ સામે, શક્તિનાથ સર્કલ પાસે, ભરૂચ

તમારા દુઃખમાં સહભાગી સંદેશ

ભરૂચ-નર્મદા, પંચમહાલ-દાહોદ-મહીસાગર, વડોદરા-છોટાઉદેપુર એડિશન માટે

દુઃખદ અવસાન/ બેસણું /શ્રદ્ધાંજલિ

ફક્ત રૂા. ૭૦૦/-

૪૫ ચો.સે.મી. (૯ x ૫ કે ૫ x ૯) સાઇઝ

વધારાના ચો. સે.મી.ના રૂા. ૨૨/-

રવિવારે પણ બેસણું/શ્રદ્ધાંજલિની જાહેરખબર સ્વીકારાશે.

Note : GST as applicable

સંદેશ Sandesh Bhavan, Near L & T Circle, Opp. Ratribazar, VIP Road, Karelibaug, Vadodara

Phone : 0265-2464750

બૈંક ઑફ બડ़ૌદા Bank of Baroda

રીજીયોનલ ઓફિસ : હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ, કોલેજ રોડ, ભરૂચ-૩૯૨૦૦૨, (ગુજરાત). ફોન : ૯૧ ૨૬૪૨ ૨૦૫૦૩૪/૩૫ ઈ-મેઈલ : recovery.bharuch@bankofbaroda.com

મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ

ઈ-હરાજી તા.૧૧.૦૩.૨૦૨૬, સમય : બપોરે ૨.૦૦ થી સાંજે ૬.૦૦
નિરીક્ષણ તા. ૦૯ થી ૧૦ માર્ચ ૨૦૨૬ સમય : બપોરે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાયી મિલકત માટે રૂલ ૮(૬) અને અસ્થાયી મિલકત માટે રૂલ ૬(૨) સાથે વંચાણમાં લેતા સ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.

આથી જાહેર જનતા અને દેવાદારો/ગીરવેદારો અને જામીનદારોને ખાસ કરીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાયી મિલકત સુરક્ષિત ક્રેડીટર્સ ને મોર્ગેજ/સોંપેલ મિલકતો કે જેનો બેંક ઓફ બરોડા, સુરક્ષિત ક્રેડીટર્સ દ્વારા કબજો મેળવેલ છે. જેની નીચે દર્શાવેલ વિગતે 'જ્યાં છે, ત્યાં છે તેવી', જેવું છે તેવું', 'જે છે તે' ના ધોરણે બાકી રકમ માટે વેચાણ થશે. દેવાદાર(રો), ગીરવેદાર(રો), સુરક્ષિત મિલકત બાકી રકમ, અનામત કિંમત, હરાજીની તારીખ, સમય, બાનાની રકમ, બોલી વધારાની રકમ વગેરે નીચે દર્શાવેલ છે. વેચાણ અંગેની વધુ જાણકારી, નિયમો અને શરતો માટે વેબસાઈટ www.bankofbaroda.in / https://www.ibapi.in જુઓ.

અ.નં	શાખાનું નામ	દેવાદારોનું નામ / જામીનદારોનું નામ	મિલકતના માલિકનું નામ	મિલકતનો વર્ણન (તમામ બોજા મુક્ત)	મિલકતનો પ્રકાર (સોઇલ / કોમર્શિયલ / ઈન્ડસ્ટ્રિયલ / રીટેલ એમ વગેરે) અને કબજાનો પ્રકાર (સાંકેતિક / પ્રત્યક્ષ)	બાકી લેણાં (લાખમાં)	રીઝર્વ કિંમત / ઈએમડી / બોલી વધારવાની રકમ (લાખમાં)	સંપર્ક વ્યક્તિનું નામ અને સંપર્ક નંબર
૧	ઝાડેશ્વર રોડ	મેસર્સ ટૂ હાઈફ માલિક નીરાબીબેન જે. પટેલ	શ્રી જશુભાઈ દેવાભાઈપટેલ	સોઈયામ કોમ્પલેક્ષ એબીસી સર્કલ નજીક, ના બીજા માળ ની કોર્મશીયલ દુકાન નં.એસ-૧૪ જેનું માપ ૫૮.૫૫ ચો.મી. જમીન માપ ૮.૦૦ ચો.મી. ના વણવર્ચચાયેલ હિસ્સા સહિત, રેવન્યુ સર્વે નં.૬૯/એ, પૈકી, મોજે ભોલાવ, તા. અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જુનો ને.હા. નં. ૮, **પશ્ચિમ તરફ :** ખાજ રે.સ નં. ની ખુલ્લી જમીન, **ઉત્તર તરફ :** કોમ્પલેક્ષની ખુલ્લી જમીન, **દક્ષિણ તરફ :** રજા માળની દુકાન નં. ૭૭/૧૨ આવેલ છે.	કોર્મશીયલ દુકાન / સાંકેતિક કબજો	રૂા.૫૫.૮૨ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) રૂા.૩ ૨) ૨.૭૩ ૩) ૦.૧૦	શ્રી પ્રભાસ પ્રફુલ ૯૦૯૮૦૦૭૪૧૦
૨	ભરૂચ, વેલ્કેર હોસ્પીટલ ચોકડી	શ્રી સાહિલ વસંતલાલ પટેલ	શ્રી સાહિલ વસંતલાલ પટેલ	રહેણાંકનો પ્લોટ નં. રે.સ.નં. ૩/૧ પૈકી પ્લોટ નં. ૨૧/બી, 'બને રેધાન, કંચુન સ્કાય સીટ સામે, હાઇજ બાયપાસ રોડ નજીક, માપ એરીયા ૧૧૭.૩૯ ચો.મી (વેચાણ દસ્તાવેજ મુજબ) ગામ. ઝંગેરી, તા. અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ નં. ૨૧/બિ, **પશ્ચિમ તરફ :** લોડનો સર્વે નં., **ઉત્તર તરફ :** રોડ, **દક્ષિણ તરફ :** પ્લોટ નં. ૨૨/બી આવેલ છે.	રહેણાંકનો પ્લોટ / પ્રત્યક્ષ કબજો	રૂા.૧૩.૦૬ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૪.૫૦ ૨) ૧.૪૬ ૩) ૦.૧૦	શ્રી પ્રસિક કુમાર ૭૦૨૩૨૬૭૭૯૯
૩	આમોદ	શ્રી હસમુખભાઈ જયંતીભાઈ મકવાણા અને શ્રી દેવેન્દ્રભાઈ જયંતિભાઈ મકવાણા	શ્રી હસમુખભાઈ જયંતીભાઈ મકવાણા અને શ્રી દેવેન્દ્રભાઈ જયંતિભાઈ મકવાણા	ઘર નં.૧/૫૪/૧, ખાસ સ્ટ્રીટ, ગામ પંચાયત ની હદમાં, માપ એરીયા ૫૫.૩૪ ચો.મીટર, ગામ. અનાંદ, તાલુકા. આમોદ, જીલ્લો : ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** ૧/૫૯ શ્રી દિલીપકુમાર , **પશ્ચિમ તરફ :** રોડ, **ઉત્તર તરફ :** ૧/૩૦/૧ શ્રી લક્ષ્મણભાઈ, **દક્ષિણ તરફ :** ૧/૫૪/૨ આસરીભી વાળુ ને શ્રી દિનેશભાઈ નું ઘર આવેલ છે.	રહેણાંકનો પ્લોટ / પ્રત્યક્ષ કબજો	૧૫.૩૭+ વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૧.૦૦ ૨) ૧.૧૦ ૩) ૦.૧૦	શ્રી જશવીરે સંતોષ નાયક ૯૧૬૨૫૧૫૧૬૩
૪	ઝાડેશ્વર રોડ	ગિરિરાજ એન્ટરપ્રાઈઝ, માલિક શ્રી દિનેશ ગોવિંદભાઈ કુમ્બર	શ્રી દિનેશ ગોવિંદભાઈ કુમ્બર	સોઇલોકનો ૩ બીએચકે કવેટ ના ' બગવશી આગન એપાર્ટમેન્ટ' (કોમ્પલેક્ષ) બિલ્ડીંગ નં. એબ/૩ ના ૨જા માળ ની કવેટ નં. ૨૦૧ બિલ્ટઅપ એરીયા માપ ૮૪.૫૪ ચો. મીટર, રે.સ.નં. ૬૫૫૫, (પ્લોટ નં. ૧ થી ૧૫) વેચનમૂન સ્કીમની નજીક ઝાડેશ્વર રોડ, મોજે. ઝાડેશ્વર, તા. ભરૂચ, ગુજરાત- ૩૯૨૦૦૧ આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** માર્જીન જગ્યા પછી ને.હા.નં. ૮, **પશ્ચિમ તરફ :** માર્જીન ખુલ્લી જગ્યા પછી વિલોગ એપ., **ઉત્તર તરફ :** કવેટ નં. ૨૦૪, **દક્ષિણ તરફ :** જોડે નો દરેક અને માર્જીનની ખુલ્લી જગ્યા આવેલ છે.	રહેણાંક નો કવેટ	રૂા.૧૭૪.૬૮ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૨૭.૦૨ ૨) ૨.૭૧ ૩) ૦.૧૦	શ્રી પ્રભાસ પ્રફુલ ૯૦૯૮૦૦૭૪૧૦

નિયમો અને શરતો : ૧) મિલકત સાંકેતીક કબજામાં છે અને બિડર તેના/પોતાના જોખમ અને જવાબદારી થી સાંકેતીક કબજામાં મિલકત ખરીદે છે. ૨) બેંક ફકત સાંકેતિક કબજા ની રીતે જ મિલકતનો કબજો સોપશે. સફળ બિડર્સ/ ખરીદનાર બેંક પાસેથી ભૌતિક/પ્રત્યક્ષ કબજો મેળવવાના દાવો કરી શકશે નહી. ૩) પ્રત્યક્ષ કબજો સોંપવા માટે જવાબદાર અથવા ફરજ થી બંધાયેલ રહેશે નહી. ૪) સફળ હરાજી ખરીદનાર કોઈપણ કેશ માં પરત કરેલ પૈસા ઉપર કોઈપણ વ્યાજ નો દાવો કરવા માટે હકદાર રહશે નહી. ૫) સફળ હરાજી ખરીદનાર ઈ હરાજી પછી તરત જ ઉપરોકત નિયમો અને શરતોની પુષ્ટિ કરતુ ઘોષણાપાત્ર કમ અંડરટેકીંગ સબમીટ કરવાનુ રહશે. ૬) વેચાણ પછી જો સફળ બિડર ઘોષણાપત્ર કમ અન્ડરટેકીંગ સબમીટ કરવામાં નિષ્ફળ જશે તો બીડની રકમ જપ્ત કરવામાં આવશે.

Scan QR Code

સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને માટે ૧૫ દિવસની વૈધાનિક વેચાણ નોટીસ

વેચાણ અંગેની શરતો માટે સાથે આપેલ લીંક https:// www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com ઉપર જુઓ.
(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

તા.૨૩.૦૨.૨૦૨૬ | સ્થળ : ભરૂચ. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

બૈંક ઑફ બડ़ૌદા Bank of Baroda

મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ

રીજીયોનલ ઓફિસ : હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ, કોલેજ રોડ, ભરૂચ-૩૯૨૦૦૨, ગુજરાત. ફોન : ૯૧ ૨૬૪૨ ૨૦૫૦૩૪/૩૫ ઈ-મેઈલ : recovery.bharuch@bankofbaroda.com

ઈ-હરાજી તા.૨૭.૦૩.૨૦૨૬ સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦ નિરીક્ષણ તા. ૨૪ થી ૨૬ માર્ચ ૨૦૨૬ (સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૬:૦૦)

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાયી મિલકત માટે રૂલ ૮(૬) અને અસ્થાયી મિલકત માટે રૂલ ૬(૨) સાથે વંચાણમાં લેતા અસ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.

આથી જાહેર જનતા અને દેવાદારો/ગીરવેદારો અને જામીનદારોને ખાસ કરીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાયી મિલકત સુરક્ષિત ક્રેડીટર્સ ને મોર્ગેજ/સોંપેલ મિલકતો કે જેનો બેંક ઓફ બરોડા, સુરક્ષિત ક્રેડીટર્સ દ્વારા કબજો મેળવેલ છે. જેની નીચે દર્શાવેલ વિગતે 'જ્યાં છે, ત્યાં છે તેવી', જેવું છે તેવું', 'જે છે તે' ના ધોરણે બાકી રકમ માટે વેચાણ થશે. દેવાદાર(રો), ગીરવેદાર(રો) અને જામીનદાર(રો) સુરક્ષિત મિલકત બાકી રકમ, અનામત કિંમત, હરાજીની તારીખ, સમય, બાનાની રકમ, બોલી વધારાની રકમ વગેરે નીચે દર્શાવેલ છે. વેચાણ અંગેની વધુ જાણકારી, નિયમો અને શરતો માટે વેબસાઈટ www.bankofbaroda.in / https://www.ibapi.in જુઓ.

અ.નં	શાખાનું નામ	દેવાદારોનું નામ / જામીનદારોનું નામ	મિલકતના માલિકનું નામ	મિલકતોનું વર્ણન	મિલકતનો પ્રકાર (સોઇલ/કોમર્શિયલ/પ્લોટ/જમીન) કબજાનો પ્રકાર (સાંકેતિક / પ્રત્યક્ષ)	બાકી લેણાં (લાખમાં)	રીઝર્વ કિંમત / ઈએમડી / બોલી વધારવાની રકમ (લાખમાં)	સંપર્ક વ્યક્તિનું નામ અને સંપર્ક નંબર
૧	મિરાનગર	શ્રીમતી વિમલા ઉદયરાજ યાદવ શ્રી ઉદયરાજ ભૈજનાથ યાદવ	શ્રીમતી વિમલા ઉદયરાજ યાદવ શ્રી ઉદયરાજ ભિજનાથ યાદવ	રહેણાંકનો નો રો હાઉસ કે જે ફિન્ના વિલા નો જુનો પ્લોટ નં. ૩૫ અને ૩૬ રીવાઈઝડ પ્લોટ નાં. ૫૮, ઓએનજીસી ગેટ ની સામે માપ એરીયા ૪૭.૦૦ ચો.મીટર રે. સ. નં. ૨૧૦/ ૨, ૨૧૧૨,૨૧૧૪ પૈકી, ગામ ગડખોલ તા. અંકલેશ્વર,જી. ભરૂચ-ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ ન.૫૭, **પશ્ચિમ તરફ :** રે.સ. નં. જુનો પ્લોટ નં. ૩૭, **ઉત્તર તરફ :** સોસાયટી નો આંતરીક રસ્તો, **દક્ષિણ તરફ :** રે.સ. નં. જુનો પ્લોટ નં. ૩૮ અને ૩૯આવેલ છે.	રહેણાંકનુ ઘર / સાંકેતિક	રૂા.૮.૯૨/- + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૦.૦૦ ૨) ૦૧.૦૦ ૩) ૦.૧૦	શ્રી પરમાર ચેતનકુમાર ઝણેરભાઈ ૯૦૯૮૦૦૭૪૯૨
૨	મિરાનગર	શ્રીમતી અફસાના ખાતુન શ્રી મો. જલાલુદ્દિન	શ્રીમતી અફસાના ખાતુન શ્રી મો. જલાલુદ્દિન	રહેણાંકનુ– ૧ બીએચકે રો હાઉસ કે જે સન વેલી રેસીડન્સી તરીકે જાણીતી સોસયટી નો પ્લોટ નં. ૧૦૮, કે જે સર્વે નં. ૧૬૯(જુનો સર્વે નં.૫૬ એ /૨) સહકાર પાર્ક ની પાછળ માપ એરીયા–નેટ પ્લોટ એરીયા ૫૦.૧૭ ચો.મીટર અને યુપીએસ એલ એરીયા ૩૫.૭૬ ચો. મી. (કુલ ૮૫.૯૩ ચો.મી.) મોજે કાપોદ, ગામ કાપોડા, તા. અંકલેશ્વર, જી. ભરૂચ–ગુજરાત ખાતે આવેલ છે. જેની **ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડે નો પ્લોટ નં. ૧૨૫, **પશ્ચિમ તરફ :** જોડે નો સોસાયટી આંતરીક રસ્ત